| | |
|---|---|
| | |

# આ 'કાઠિયાવાડી ભાભા'નો USમાં પડે છે વટ, દાઢીમાં હાથ ફેરવવા લાગે છે છોકરીઓની લાઈન

96 વર્ષીય હિમ્મતલાલ જોશીની યુવાનોને શરમાવે એવી ચપળતા, ગુજરાત આર્મી-પોલીસમાંથી રિટાયર્ડ બાદ અમેરિકામાં થયા છે સ્થાયી

divyabhaskar.com | Updated - Jan 10, 2017, 03:56 PM



અમેરિકાના એરીઝોના સ્ટેટ ખાતે પોતાના ઘર પાસે હિમ્મતલાલ જોશી. તેમણે પાડોશી મિત્રની શક્તિશાળી એક-15 ગન સાથે પોઝ આપ્યો હતો.

**ટેનિસિ-યુએસએ:** કહેવાય છે ને કે જેટલા માણસો એટલી સ્ટોરી. તમામ લોકોની કોઈને કોઇ અલગ સ્ટોરી હોય છે પણ આજે આપણે વાત કરીશું એ વ્યક્તિની સ્ટોરી થોડીક અલગ છે. આપણે વાત કરી રહ્યાં છીએ હિમ્મતલાલ જોશીની.

હાલ અમેરિકાના ટેનિસિ સ્ટેટના મોરિસટાઉન ખાતે રહેતા 96 વર્ષના હિમ્મતલાલ જોશીની જીવનની રસપ્રદ સ્ટોરી જાણવામાં તમને જરૂર રસ પડશે. જુનાગઢના નાના એવા દેશીંગા ગામમાં જન્મ બાદ અમદાવાદમાં આર્મી અને પોલીસમાં નોકરી અને પછી અમેરિકા તરફ પ્રયાણ કરનાર હિમ્મતલાલ જોશીની ચપળતા યુવાનોને શરમાવે એવી છે. પોતાની ત્રીજી પેઢી સાથે અમેરિકા રહેતા હિમ્મતલાલ જોશી મોટી દાઢી અને મૂંછને કારણે અલગ તરી આવે છે. રિટાયર્ડ બાદ પણ એટલા જ સક્રિય હિમ્મતલાલ જોશી હાલ 'આતાવાણી' કરીને બ્લોગ લખે છે અને અલગ અલગ વનસ્પતિના બીમાંથી માળાઓ બનાવે છે.